પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૨ | ૪ ફેબ્રુઆરી, ૨૦૨૦, મંગળવાર; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

શાહીનબાગ પ્રદર્શન સંયોગ નહીં, પ્રયોગ : મોદી

આ પ્રયોગ પાછળ રાજનિતી ખતમનાક રીતે રમાઈ રહી છે, જે રાષ્ટ્રની એકતાને નુકસાન કરનાર છે : કલમ ૩૭૦ નાબુદી, સીએએ, કરતારપુર કોરિડોર જેવા ઘણા સાહસી નિર્ણય મજબુત ઈચ્છાશક્તિથી થાય છે : દિલ્હીમાં પ્રથમ ચૂંટણી રેલીને સંબોધતા મોદીના આકરા પ્રહારો

નવી દિલ્હી, તા.૩

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ચૂંટણી પ્રચાર માટેનું રણશિંગુ ફુકી દીધું હતું. મોદીએ દિલ્હી ચૂંટણીને લઈને આજે પ્રથમ રેલી કરી હતી. જેમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી સાથે સાથે પોતાની સરકારના કામકાજના તરીકાને દર્શાવીને વિરોધીઓ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, દેશને વિકાસના માર્ગ ઉપર આગળ લઈ જવા માટે કઠોર અને સાહસી

નિર્ણય કરવામાં આવી રહ્યા છે. મજબુત ઈચ્છાશક્તિ હોય છે ત્યારે આ પ્રકારના નિર્ણય લઈ શકાય છે. મોદીએ કહ્યું હતું કે, માત્ર વચનોમાં તેઓ માનતા નથી. ભારતીય જનતા પાર્ટી તમામ કામો કરી બતાવે છે. મોદીએ આક્ષેપ કરતા શાહીનબાગનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, શાહીનબાગ પ્રદર્શન સંયોગ નહી પ્રયોગ તરીકે છે. એક ખતરનાક રાજનીતિ રમવામાં આવી રહી છે. મોદીએ આજે દિલ્હીના કડકડડુમા ખાતે રેલી યોજી હતી. દિલ્હીમાં આક્રમક રેલીઓનો દોર ચાલુ રહ્યો

● અનુસંધાન પાન-૭ પર

સંસદના બંને ગૃહોમાં ભારે ધાંધલ બંધારણ બચાવોના નારા લાગ્યા

સીએએ અને એનઆરસીનો મુદ્દો છવાયો : પ્રશ્ન કલાકની કાર્યવાહી વેળા નારેબાજી : અધ્યક્ષના અનુરોધની કોઇ અસર નહી : કાર્યવાહી ખોરવાઇ

નવી દિલ્હી,તા. ૩

સંસદના બજેટ સત્રની રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દના અભિભાષણની સાથે શરૂઆત થઇ હતી. ત્યારબાદ શનિવારના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યુ હતુ. બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ આજે સંસદની કાર્યવાહીના પ્રથમ દિવસે જોરદાર હોબાળો થયો હતો. લોકસભા અને રાજ્યસભા બંનેમાં વિપક્ષના સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. સંસદમાં નાણાં રાજ્યપ્રધાન અનુરાગ ઠાકુર સવાલોના જવાબ આપી રહ્યા હતા. રાજ્યસભાની કાર્યવાહી સીએએ અને એનઆરસીના મુદ્દા પર હોબાળો થયા બાદ ૧૨ વાગ્યા સુધી પહેલા સ્થગિત કરવામાં આવી હતી. લોકસભામાં પણ આવી જ સ્થિતી રહી હતી. બંધારણ બચાવોના નારા વિપક્ષ દ્વારા લગાવવામાં આવ્યા હતા. પોતાની સીટ પર જઈને બેસી ગયા બાદ પોતાના સ્થાનથી સવાલ કરવામાં આવશે તો જ બંધારણ બચી શકશે તેવી ટકોર અધ્યક્ષ દ્વારા કરવામાં આવી હતી.

કેરળમાં કોરોનાનો ત્રીજો કેસ પોઝિટિવ

બંગાળમાં ૮ શંદાસ્પદ દર્દી : ચીનમાં કોરોના વાયરસથી અત્યાર સુધી ૩૬૧ના મોત, ૨૧૦૦ નવા કેસ નોંધાયા : અમેરિકામાં ૯ કોરોના વાઈરસના કેસ, રશિયાએ ચીન જતી ટ્રેનો રદ કરી

ન્યુ દિલ્હી, તા.૩

ભારતના કેરળ રાજયમાં કોરોના વાયરસના ત્રીજા કેસની પુષ્ટિ થઈ ગઈ છે. ચીનથી ફેલાયેલો આ વાયરસ ભારત સહિત દુનિયાના લગભગ ૨૫ દેશોમાં દસ્તક આપી ચૂક્યો છે. કેરળના આરોગ્ય મંત્રી કે કે શૈલજાએ કહ્યુ, દર્દીનો ઈલાજ કાસરગોડના કંજાંગડ જિલ્લા હોસ્પિટલમાં ચાલી રહ્યો છે. હાલમાં તેની હાલત સ્થિર છે. તેમણે જણાવ્યુ કે દર્દી ચીનના વુહાન શહેરથી પાછો આવ્યો હતો. પાડોશી રાજ્ય કર્ણાટકના કેટલાંય જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે. આ ચીનનુ એ જ શહેર છે જયાંના સી-ફૂડ બજારથી આ વાયરસ ફેલાવવાનુ શરૂ થયુ હતુ. તો બીજી બાજુ બંગાળ સરકારે કોરોના વાઈરસથી પ્રભાવિત ૮ શંકાસ્પદ દર્દીઓની ઓળખ કરી છે. આ દરેક લોકો ૨૩ જાન્યુઆરીએ ચીનથી તે જ ફ્લાઈટમાં આવ્યા હતા, જેમાં કેરળના વિદ્યાર્થીઓ આવ્યા હતા. તેમની સીટ કેરળના વિદ્યાર્થીઓની સીટની આસપાસ જ હતી. કેરળમાં ૩૦ જાન્યુઆરીએ પહલો અને ૨ જાન્યુઆરીએ બીજો કેસ નોંધવામાં આવ્યો છે. ચીનમાં વુહાન સહિત અન્ય શહેરોમાં ફસાયેલા ૬૪૭ ભારતીયોને એરલિફ્ટ કરી લેવામાં આવ્યા છે. ચીનમાં કોરોના વાઈરસથી અત્યાર સુધી ૩૬૧ લોકોના મોત થયા છે.

મેન્યુફેકચરિંગ એક્ટિવિટી આઠ વર્ષની ઉંચી સપાટી પર

આર્થિક સુસ્તીના માહોલમાં મોદી સરકારને મોટી રાહત : માંગ વધવાની સાથે સાથે નોકરીની નવી તકમાં પણ ઉલ્લેખનીય વધારો થયો ઈનપુટ કોસ્ટ અને આઉટપુટ ચાર્જમાં પણ વધારો : નિકાસ માટે નવા ઓર્ડરો

મુંબઈ,તા. ૩

અર્થવ્યવસ્થાના મોરચા પર આખરે મોટી રાહતના સમાચાર આવ્યા છે. સુસ્તીના કારણે મુશ્કેલીમાં રહેલી અર્થવ્યવસ્થા માટે નવા વર્ષમાં રાહતના સમાચાર આવ્યા છે. મેન્યુફેકચરિંગ એક્ટિવિટી હવે આઠ વર્ષની ઉંચી સપાટી પર પહોંચી ગઈ છે. એક સર્વે મુજબ માંગ વધવાના કારણે નોકરના અવસરમાં પણ વધારો થયો છે. નિકાસમાં પણ ઉછાળો આવ્યો છે. જે ખુબ સારા સંકેત સમાન છે. અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે જેના કારણે હવે સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. માંગમાં વધારો થઈ રહ્યો છે. જાન્યુઆરી મહિનામાં મેન્યુફેકચરિંગ એક્ટિવિટી આઠ વર્ષની ઉંચી સપાટી પર છે. સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે માંગ સ્થિતી વધારે સારી હોવાના કારણે નવા બિઝનેસ ઓર્ડરમાં તેજી આવી શકે છે. તેના કારણે પ્રોડક્શન અને હાયરિંગ પ્રવૃતિ વધી છે. જો વર્તમાન સ્થિતી રહે છે કે આવનાર મહિનામાં અર્થવ્યવસ્થા ધીમે ધીમે સુધરવામાં લાગી જશે. જુલાઈ-સપ્ટેમ્બર મહિનામાં વિકાસની ગતિ છ વર્ષમાં

● અનુસંધાન પાન-૭ પર

જામિયા યુનિવર્સિટીના ગેટ નંબર-૫ બહાર ફાયરિંગ

ન્યુ દિલ્હી,તા.૩

જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી બહાર રવિવારે મોડી રાતે અજાણ્યા લોકોએ ફાયરિંગ કર્યું હતું. તેમાં કોઈ જાનહાની નથી થઈ. અહીં થોડા અંતરે જ નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ પ્રદર્શન ચાલી રહ્યું હતું. સ્કૂટી પર આવેલા હુમલાખોરોએ યુનિવર્સિટીના ગેટ નંબર-૫ની બહાર ફાયરિંગ કર્યો હતો. પોલીસે સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે ફરિયાદ નોંધી લીધી છે. પહેલાં જામિયા અને શાહિન બાગ વિસ્તારમાં સતત ફાયરિંગની ઘટના સામે આવી રહી છે. ચૂંટણી પંચે રવિવારે રાતે ડીસીપી સાઉથ ઈસ્ટ ચિન્મય બિસ્વાલની ટ્રાન્સફર કરવામાં આવી

હેગડેના નિવેદનથી ભાજપ નારાજ બિનશરતી માફીની માંગ કરી

ન્યુ દિલ્હી,તા.૩

કર્ણાટકની ઉત્તર કન્નડ લોકસભા બેઠક પરથી ભાજપના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન અનંત હેગડેના વિવાદિત નિવેદનથી ભાજપ નારાજ છે. સૂત્રોના જણાવ્યા મુજબ પાર્ટીએ તેમને બિનશરતી માફી માંગવાનું કહ્યું છે. આ ઉપરાંત તેમને પાર્ટીની સંસદીય પાર્ટીની બેઠકમાં ભાગ લેવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

ગોરાની સરકારના ચમચાઓ પાસેથી ગાંધીજીને દેશ પ્રેમનું સર્ટિફિકેટ નથી જોઈતું : કોંગ્રેસ

ન્યુ દિલ્હી,તા.૩

કોંગ્રેસનાં નેતા જયવીર શેરગિલે અનંતકુમાર હેગડેનાં નિવેદન પર કહ્યું હતું કે, મહાત્મા ગાંધીને દેશપ્રેમનું સર્ટિફિકેટ તે પાર્ટી પાસેથી નથી જોઈતુ જે ગોરાઓનાં ચમચા હતા. શેરગિલે કહ્યું કે, અનંત હેગડે એક એવી સંગઠનથી આવે છે જે ત્રિરંગાનો વિરોધ કરે છે, બંધારણનો વિરોધ કરે છે, જેમણે ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો હતો.

મહાત્મા ગાંધીનો સ્વતંત્રતા સંઘર્ષ ડ્રામા હતો : અનંતકુમાર હેગડે

ભાજપ સાંસદનું વિવાદાસ્પદ નિવેદન : ગાંધીજી જેવા નેતા આપણા દેશમાં મહાત્મા બની જાય છે

બેંગ્લુરુ,તા.૩

ભાજપના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અનંત કુમાર હેગડેએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્વતંત્રતા માટે કરવામાં આવેલી લડાઈને નાટક ગણાવ્યું છે. જી હા રવિવારના રોજ એક કાર્યક્રમમાં હેગડેએ કહ્યું હતું કે સ્વતંત્રતાનો સંપૂર્ણ સંઘર્ષ જ બનાવટી હતો અને તેને અંગ્રેજ સામ્રાજ્યનું સમર્થન મળેલુ હતું. તે સમયના નેતાઓએ એક પણ વખત પોલીસનો માર ખાધો નહોતો. તેમનું સ્વતંત્રતા માટેનું આંદોલન

ડ્રામા હતું. આ મોટા નેતાઓએ અંગ્રેજોની પરવાનગી બાદ આ ડ્રામા કર્યું હતું. આ કોઈ અસલ લડાઈ નહોતી તે માત્ર દેખાવા પૂરતો સંઘર્ષ હતો.

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં વધુ ચાર નેતાઓને મુક્ત કરાયા

શ્રીનગર, તા.૩

જમ્મુ-કાશ્મીરના વહીવટી તંત્રે વધુ ચાર રાજકારણીને પ્રિવેન્ટીવ કસ્ટડીમાંથી મુક્ત કર્યા હતા જેમાં નેશનલ કોન્ફરન્સના નેતા અબ્દુલ મજીદ લારમા, ગુલામ નબી ભટ અને ડૉ. મોહમદ શફીનો સમાવેશ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ચાર ધામ યાત્રા
12 દિવસ / 11 રાત્રી
રેલ્વે ટીકિટ ફ્રી
₹19999 5% GST એક્સ્ટ્રા
યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
સ્વાદિષ્ટ ગુજરાતી, પંજાબી ભોજન • રહેવાની ઉત્તમ સુવિધા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

હાર્દિક અભિનંદન

શ્રી પરેશભાઈ આર. પટેલ
ડીરેક્ટરશ્રી કૃષક ભારતી કો.ઓ.લી.
(કૃભકો - ન્યુ દિલ્હી)

ગુજરાત રાજ્યના સહકારી આગેવાન
શ્રી પરેશભાઈ આર. પટેલ
ભારત દેશની નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા
કૃભકો (ન્યુ દિલ્હી)માં સતત ત્રીજીવાર દસ રાજ્યમાંથી બિનહરિફ વરણી થવા બદલ આપશ્રીને અભિનંદન સહ
ખૂબ ખૂબ શુભકામનાઓ....

તુષારભાઈ શાહ
મેનેજીંગ ડિરેક્ટર

દિનેશભાઈ શાહ
ડિરેક્ટર

RIPL Richa Infosystems Pvt. Ltd.
TECHNO TechnikKnow

રીચા ઈન્ફોસીસ્ટમ્સ પ્રા. લિમિટેડ